શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની**

પુસ્તક : ૨૮ મે - ૨૦૦૨

વૈશાખ : વીર સં.૨૫૨૮ : વિક્રમ સં. ૨૦૫૮

# પાઠશાળા

## અંતઃકરણનું મૌન એ પ્રભુનું સિંહાસન છે

શબ્દના અર્થને સીમા છે. મૌનના અર્થ અનંત છે. શબ્દ પહેલાંનું ય મૌન હોય છે. શબ્દ પછીનું ય મૌન હોય છે. મૌન બોલકું હોય ત્યારે મૌનનું મૂલ્ય ઘટે છે. મૌન ગંભીરતાથી મઢેલું હોય ત્યારે શણગારાયેલું લાગે છે. જે કહેવા માટે શબ્દ જ્યારે અશક્તિ દર્શાવે છે, ત્યારે તે કામ મૌન કરી આપે છે. મૌનના બળાપા કરતાં શબ્દનો બળાપો મોટો હોય છે.

બુરા મત બોલો બુરા મત બોલો બુરા મત બોલો



"હું ક્યાં બોલ્યો, મૂંગો રહ્યો હોત તો સારું રહેત." આવું ભાન થતાં જ જમણો હાથ મોં પર દબાઈ જાય છે, વળી એ હાથ ત્યાંથી હટે નહીં એટલે એને ડાબે હાથેથી જકડી પણ રાખ્યો છે. અને મનમાં જાપ ચાલુ રાખ્યો છે : **બુરા મત ...**

"હું ક્યાં બોલ્યો, મૂંગો રહ્યો હોત તો સારું રહેત." એની યાદી વધુ લાંબી છે. મૂંગો રહ્યો એના કરતાં બોલ્યો હોત તો સારું રહેત તેવી ઘટના ઘણી ઓછી બને છે. શબ્દ બોલવામાં કળા જોઈએ, તો મૌન રહેવામા વધુ કળા ન જોઈએ.

ક્યાં બોલવું, ક્યારે બોલવું, કેટલું બોલવું, કેવી રીતે બોલવું, આ બધું પણ તેની પડતી અસરના વધારા ને ઘટાડામાં જવાબદાર ગણાય છે, જ્યારે મૌનમાં ઘણે ભાગે કળાનો બહુ અવકાશ નથી. "આ ભાઈ ઓછા બોલા છે. જરૂર પૂરતું બોલે છે." તેવાના બોલની પણ કિંમત હોય છે. "આ ભાઈ બોલે નહીં, તે બોલ્યા, માટે તે જરૂરનું જ હશે." શબ્દ પણ મૌનથી જ વજનદાર બને છે. મૌનને મૂલ્યવાન બનાવવા માટે શબ્દની જરૂરત નથી. મૌન સ્વયં શોભતું હોય છે; સ્વ-નિર્ભર હોય છે. મૌન શક્તિનો સંચય કરી આપનાર છે. શબ્દ અને મૌન બન્ને પોતપોતાના સ્થાને મહાન છે. છતાં મૌન કેળવવું પડે છે, તેથી જ તેની મહાનતા સ્વયંસિદ્ધ ગણાય છે. મૌનની શક્તિ સ્વતઃ સિદ્ધ છે. શબ્દની શક્તિ પર-સાપેક્ષ છે. ભીતરની શક્તિના સંચય માટે મૌનની ઉપાસના કરીએ. આ શબ્દના મૌન પછીનું પગથિયું વિચારના મૌનનું આવે છે. અંતઃકરણમાં જ્યારે આ વિચારનું મૌન છવાય છે ત્યારે પરમ તત્ત્વનું અવતરણ સહજ બને છે. આપણે પણ 'પરમ' માટે અવકાશ રચીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

# દાદાના અભિષેકની સાથે સાથે

**સુધારો : ગયા અંકના લખાણમાં એક છાપ ભૂલ રહી હતી જે આ અંકની વાત સમજવા માટે જરૂરી અને ઉપયોગી હોઈ અહીં એટલો ભાગ અહીં ફરીથી મૂક્યો છે :**

બુધવારનો દિવસ. મારા શિષ્ય રાજહંસવિજયજી તથા પધારેલા વિધિકારકો, ભાવિકો સર્વશ્રી લલિતભાઈ મદ્રાસવાળા, વસંતભાઈ પંડિત વગેરેની સાથે મનોરથનાં પુષ્પોની માળા ગુંથવામાં સમય ક્યાંયે સરી ગયો. સૌના કોડભર્યા હૈયાનાં હોંશની જ લહાણ થતી હતી.

રાત્રે બધી તૈયારી થઈ રહી હતી. ઔષધિઓ, દ્રવ્યો, ઉપકરણો ઉપર લઈ જવા માટે **એલ્યુમિનિયમના નવા-નકોર** ડબામાં મૂકવામાં આવ્યા તે કઈ કઈ ડોળીમાં મૂકવા, કોને કોને સોંપવા; કાંઈ બાકી ન રહી જાય એ કાળજીપૂર્વક જોઈ લેવું,

**પ્રશ્ન :**

*વિ. સં. ૨૦૪૪ના અષાઢ સુદિ એકમ ગુરુવાર પુષ્યનક્ષત્રમાં દાદાના અભિષેક થયા અને તેનું વર્ણન આપે કર્યું તેમાં ઔષધિ-દ્રવ્યો વગેરેને* **એલ્યુમિનિયમના ડબામાં** *ભરીને ૨૩ ડોળીમાં ઉપર ચઢાવવામાં આવ્યા તેવું કહ્યું; તો જે ભાવિક ભક્તે આ લાભ લીધો હતો તેના તરફથી તો ઘણી ઉદારતા હતી તો એ ઔષધિ તથા દ્રવ્યો ચાંદીના વાસણો કે ચાંદીના દાબડામાં લઈ જવાનું રાખ્યું હોત તો એ અતિ ઉત્કૃષ્ટરૂપ ભક્તિ થાત; એવું કેમ ન કર્યું ?*

**ઉત્તર :**

પદાર્થનો અતિરેક જેમ અભાવનું કારણ બને છે તેમ વ્યક્તિનિષ્ઠ આચરણનો અતિરેક અહંકારનું કારણ બને છે. ભાવનામૂલક અતિરેકની વાત અલગ છે પણ સ્પર્ધામૂલક અતિરેક તો અહંકાર લાવે જ. 'કોઈએ ન કર્યું હોય તેવું કરવું છે' કે 'મેં કર્યું' આવું જ્યારે બને છે ત્યારે અહંકાર આવે છે; અને એ અહંકારથી તો ભક્તિનું હાર્દ કે તત્ત્વ જ લોપ પામી જાય છે. પછી જે રહે છે તે આડંબર હોય છે, નિષ્પ્રાણ ઠઠારો હોય છે; જેના વડે કામ નીપજવાનું છે એ તત્ત્વ જ ન હોય તો એ દેખાડાનું પ્રયોજન શું છે ? ઉત્કૃષ્ટ દ્રવ્યો વડે ભક્તિ થાય તે સારી જ વાત છે, પણ 'કોઈએ ન કરી હોય તેમ કરવી છે' એ વિચાર જ અહંકારના ઘરનો છે. હા, બીજાએ કરેલાં ઉત્તમ કામો કે ઉત્તમ રીતોમાંથી પ્રેરણા લઈ શકાય. જેમ કે વિ. સં. ૧૫૮૭માં કર્માશાહે દાદાને પ્રતિષ્ઠિત કર્યા ત્યારે જે અભિષેક કર્યો તેમાં ઔષધિઓ ઓળખવા માટે અંતરિયાળ જંગલોમાંથી ગિરિ-વનવાસી વ્યક્તિઓને લાવીને ઔષધિઓની સાચી ઓળખ મેળવી હતી,- તેવું જરૂર કરી શકાય. પણ માત્ર કોઈએ ન કર્યું તે કરવું એવું ન વિચારવું. અને ક્યારેક મધ્યમ-માર્ગ હિતાવહ નીવડે છે. સહજ બની આવે તો ભલે પણ એવી ભાવ-હીન ધૂન ન રાખીએ તે જ યોગ્ય છે.

**પ્રશ્ન :**

*હાજી. આપે ઔષધિની વાત કરી, તો તેના પ્રભાવ વિષે કશુંક કહો ને !*

**ઉત્તર :**

ઔષધિ વિષે ?

ઔષધિના પ્રભાવ માટે તો 'अचिन्त्य' શબ્દ વાપરવામાં આવ્યો છે. એ આખું વાક્ય આ પ્રમાણે છે. 'मणि-मन्त्रौषधीनां अचिन्त्यो हि प्रभावः।'

મણિનો, મંત્રનો અને ઔષધિનો તો ન કલ્પી શકાય તેટલો પ્રભાવ હોય છે.

તમે પૂછો છો; તમારી જિજ્ઞાસા છે, તો થોડી વિગતે વાત કરું.

તમે ત્રિફળા નામની ઔષધિથી તો સારી રીતે પરિચિત છો જ. તેમાં ત્રણ દ્રવ્ય આવે છેઃ હરડાં, બહેડાં ને આમળાં. બરાબર ! હવે તેમાં જે બહેડાં છે તે, જેને સંસ્કૃત ભાષામાં बिभीतक કહેવાય છે. તેનું બીજું નામ कलिद्रुम છે. ગમે તેવા પરસ્પર હેતાળ એવા બે મિત્રો જો આ બહેડાંના ઝાડ નીચે વાતો કરવા, વિસામો લેવા, ટીમણ (બપોરનો નાસ્તો) કરવા બેસે ને થોડી જ વારમાં બેઉ જણાં આકરાં વેણ બોલવા સાથે ઝગડવા માંડે. પોતાને પણ ન સમજાય એવું આ બને. બહેડાંના ઝાડની છાયાનો આ પ્રભાવ છે.

હવે તેનાથી સામી બાજુનું જોઈએ.

પરસ્પર મનોમેળ વિનાના, મનમાં ઉદ્‌વેગવાળા બે ભાઈઓ જેવા અશોક વૃક્ષ (આસોપાલવ નહીં)ની છાયામાં બેસે એટલે થોડી જ વારમાં શોકરહિત અને પૂર્ણ મૈત્રીવાળા બની જાય. માટે જ સંસ્કૃતમાં કહે છે કે : अशोकः शोकनाशाय, कलये च कलिद्रुमः ।।

આ વનસ્પતિનો સામાન્ય પ્રભાવ કહ્યો. અરે ! વનસ્પતિના પ્રભાવની તો શી વાત કરું! કેટલીક વાર તો દેવોની શક્તિ જ્યાં ન પહોંચે ત્યાં ઔષધિની શક્તિએ કામ કર્યું છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ પાસે જેમણે અધ્યયન કર્યું છે તે આચાર્ય શ્રી સોમપ્રભસૂરિ મહારાજે **કુમારપાળ પ્રતિબોધ** નામનો ગ્રંથ રચ્યો છે, તેમાં એક કથા આવે છે :

એક રાજાની દીકરી સાવ મૂંગી છે. રાજાનો એક મિત્ર છે, જે રાજા પાસે એક દેવની શક્તિનું વર્ણન કરે છે. એ દેવ પોતાના તાબામાં છે, બોલાવે ત્યારે આવે છે તેમ તે કહે છે. રાજાને સૂઝ્યું અને કહ્યું કે, 'મારી આ માંદી દીકરીમાં એ દેવને બોલાવ.' રાજાના મિત્રે દેવનું સ્મરણ કર્યું અને દેવ દીકરીમાં આવ્યા. આમ થવા છતાં પણ દીકરી બોલી નહીં. થોડી વારે દીકરી બોલી, ત્યારે રાજાએ પૂછ્યું કે વાર કેમ લાગી ? દેવ કહે કે, 'આવીને બોલવા મન કર્યું, પણ દીકરી તો મૂંગી હતી એટલે હિમાલયમાં જઈ ત્યાંથી ઔષધિ લઈ આવી તેનો પ્રયોગ કર્યો પછી તે બોલતી થઈ.' (पृष्ठ : ૧૬૦)

આ પરથી લાગે છે કે દેવને પણ ઔષધિની આ શક્તિનો સહારો લેવો પડે છે.

ઉપાધ્યાયજી મહારાજે ऐन्द्र स्तुति चतुर्विंशतिका ના ગ્રન્થની વૃત્તિમાં લખ્યું છે કે બુદ્ધિના ક્ષયોપશમમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ ચારે ય ભાગ ભજવે છે. તેમાં દ્રવ્ય તરીકે આ ઔષધિઓનું કામ આવે.

પ્રભુમાં પણ આર્હન્ત્ય શક્તિ છે તેને ફરતાં જે આવરણ આવી ગયાં હોય તે દૂર કરવા અને તેમાં સુષુપ્ત થયેલી એ શક્તિને જાગૃત કરવાનું કામ આ ઔષધિઓ કરે છે. વળી આશાતનાના કારણે જે તેજ આવરાયું હોય તો તેને પણ તે નિવારે છે. એટલે આવરણ અને આશાતનાનું નિવારણ થાય છે. વળી તે રોગ અને ઉપદ્રવથી પણ બચાવે છે. તે વાત થોડી વિચારી લઈએ.

જેમ ઔષધિઓ પ્રભાવ સંપન્ન હોય છે અને તે કામ કરે છે, એ જ રીતે જે જળ ઉપયોગમાં લેવામાં આવે છે તે જળનો પણ પ્રભાવ હોય છે. જળ પણ ગજપદ કુંડ, ગંગા નદી વગેરે ઉત્તમ સ્થાનનું લાવવાની વાત છે. વળી તે પણ વિધિપૂર્વક લાવવાનું હોય છે. આવા ઔષધિ મિશ્રિત ઉત્તમ જળ અચિન્ત્યશક્તિયુક્ત અર્હત્ પરમાત્માને સ્પર્શ પામીને નવી જ શક્તિને ધારણ કરે છે. આવા જળથી ઈતિ-ઉપદ્રવ-મારી-મરકી-રોગ-શોક બધાં દૂર થઈ જાય છે. સર્વકલ્યાણકારક અર્હત્ જિનેશ્વર છે. તેમના પ્રભાવે ઉપદ્રવો શાંત થઈ જાય છે. નજીકના ભૂતકાળમાં બનેલી ઘટનાનું દૃષ્ટાંત આ સમજવા માટે પર્યાપ્ત ગણાશે.

સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન જ્યારે માતાના ગર્ભમાં વિરાજમાન હતા ત્યારે તે નગરમાં 'મારી' ફેલાયેલી હતી. તેના નિવારણ માટે અચિરા માતાના સ્નાન-જળનો આખા નગરમાં છંટકાવ કરાવવામાં આવે છે. અને આના પ્રભાવે મારીનો ઉપદ્રવ શાંત થાય છે. આપણે ત્યાં આને વિધાનરૂપે સ્થાપિત કરવામાં આવેલ છે. જ્યારે જ્યારે શાંતિ-સ્નાત્ર ભણાવાય ત્યારે ત્યારે સમગ્ર અભિષેક જળને એક કુંભમાં વિધિપૂર્વક, વિશ્વશાંતિના પાઠપૂર્વક ભરવામાં આવે છે. એને ભરતી વખતે જળને વધુ શક્તિ-સમૃદ્ધ કરવા માટે લીલી ધરોની ઝૂડીમાંથી પસાર કરવામાં આવે છે. આમ આ અભિષેક જળનો સમસ્ત નગર ફરતે છંટકાવ કરવામાં આવે છે.

વિ. સં. ૨૦૧૩ આસપાસની ગોધરા (પંચમહાલ) ગામની આ વાત છે.

ગામમાં મોટી આગ લાગી હતી. ગોધરા બળ્યું એમ કહેવાયું.

ભારે જહેમતે આગ શમી પછી ગામના લોકો ફરી ફરીને તારાજી જોઈ રહ્યા હતા ત્યાં એક જગ્યાએ અટકી ઊભા રહી ગયા. આશ્ચર્યચકિત થઈ માથું ખંજવાળવા લાગ્યા !

આમ કેમ બન્યું હશે ? આમ કેમ બની શકે ?

જ્યાં ઊભા હતા ત્યાં વોરાભાઈઓના ઘર હતાં.

રસ્તાની બન્ને બાજુ તેઓના ઘર હતાં એને સાંકળતો મોટો લાકડાંનો પૂલ હતો, અને નીચેથી રસ્તો જતો હતો. એ પૂલ અડધો બળ્યો હતો અને બાકીના અડધા ભાગમાં આગ આગળ વધતી અટકી ગઈ હતી ! માન્યામાં ન આવે એવું આ બન્યું હતું.

ઘણા તર્ક-વિતર્ક થયા. ઊંડાણમાં જતાં, એકબીજા સાથે વિચાર-વિનિમય કરતાં જે કારણ મળ્યું એ જાણી બધા ભાવ વિભોર બની ગયા.

વાત એમ બની હતી કે આગની આ ઘટના બની તેના પાંચ વર્ષ પહેલાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના જિનાલયે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. પ્રભુજીની પ્રતિષ્ઠાના દિવસે, રાત્રે નગરમાં ધારાવાડી દેવાઈ હતી. જે જે રસ્તે થઈને ધારાવાડી કરનારા સ્વયંસેવકો પસાર થયા હતા, જે જે વિસ્તારમાં ધારાવાડી દેવાઈ હતી તે વિસ્તાર આગમાંથી ઉગરી ગયો હતો ! ધારાવાડી દેનારાઓ પ્રાયઃ રાત્રે નીકળે. બધા થાક્યા હોય તેથી ઝટપટ ફરી કેટલોક વિસ્તાર છોડી દેતા હોય છે. ખરેખર તો સૂર્યાસ્ત સમયે નગર ફરતાં વધુ ને વધુ વિસ્તારને આવરીને પ્રભુજીના અભિષેક-જળનો છંટકાવ થવો જોઈએ -- જેનો આવો દિવ્ય પ્રભાવ આજે પણ અનુભવાય છે. દિવ્ય ઔષધિ, ઉત્તમ જળ અને પ્રભુના સ્પર્શનો આવો પ્રભાવ છે.

આવા અનુષ્ઠાનમાં વનસ્પતિઓ વિધિપૂર્વક લાવવામાં આવે તે જરૂરી છે. જેમ કે : મૂલ નક્ષત્રમાં તે તે છોડનાં મૂળ, વિશાખા નક્ષત્રમાં ડાળ કે પાંદડાં લાવવામાં આવે તો તે તેનું કાર્ય પૂર્ણરૂપે કરે છે. કેટલાંયે પુષ્પો, પત્રો, મૂળ તો એવી ભાવના ભાવે કે પ્રભુ-ભક્તિને કાજ અમારો કોઈ ઉપયોગ કરે તો કેવું સારું ! પ્રભુ-ભક્તિમાં પુષ્પો વપરાય તો તેને તેમાં પીડા નથી ઊપજતી પણ પ્રસન્નતા પ્રગટે છે. પ્રભુને પણ જર-ઝવેરાત કરતાં પુષ્પો વધુ વહાલાં હોય છે કારણકે તે સજીવ છે. પ્રભુએ જીવો માટે તો તપ કરી જ્ઞાન મેળવીને ધર્મ સ્થાપ્યો છે. વળી સમવસરણમાં શક્તિમાન દેવો જર-ઝવેરાતની વૃષ્ટિ નથી કરતા પણ પંચ વર્ણનાં પુષ્પોની જ વૃષ્ટિ કરે છે. કેટલાં યે પુષ્પો જેવાં કે જાઈ, જૂઈ, કમળ, પારિજાત વગેરે ફૂલોમાં લક્ષ્મીનો વાસ ગણાયો છે. માટે આવી ઔષધિનો પ્રભાવ અણચિંત્યો છે.

આપણે પણ રોજના પ્રભુજીના અભિષેક/પ્રક્ષાલમાં ગંધૌષધિને ઉપયોગમાં લેવી જોઈએ; જેમ કે, સુગંધી વાળો, સુકાયેલાં કેસૂડાનાં ફૂલ, કઠ(ઉપલોટ), ઘઉંલો, વજ(ગંધીલો વજ), કપૂરકાચલી આ છ ઔષધિથી મિશ્રિત જળ વડે પ્રભુનો અભિષેક થઈ શકે. આમાં ચંદન-કેસરનો ઘસારો પણ ભેળવી શકાય.

પ્રભુના અભિષેકની વાત નીકળી છે તો સાથે થોડી, તે પ્રમાણે આવતાં પુષ્પોની પણ વાત કરી દઉં.

વર્ષની છ ઋતુઓ છે. પ્રકૃતિની ઉદારતા તો જુઓ ! આ દરેક ઋતુમાં એની મેળે ખરી પડે એવાં પુષ્પો ઊગતાં હોય છે. આ પુષ્પો વડે પગર ભરવા જોઈએ. (પ્રભુજીની આજુ-બાજુની ખાલી જગ્યામાં પુષ્પના ઢગલાથી રચનાઓ કરવી તેને પગર ભરવા એમ કહેવાય છે.) વીરવિજયજી મહારાજ એમની રચેલી પૂજામાં આ વાત લાવ્યા છે:

"જિમ પુણીયો શ્રાવક રે, ફૂલના પગર ભરે."

વર્ષા ઋતુમાં .... પારિજાત,
શરદ ઋતુમાં .... કુન્દ (બૂચ)
હેમંત ઋતુમાં .... બોરસલી (બકુલ)
શિશિર ઋતુમાં ... જૂઈ - જાઈ
વસંત ઋતુમાં .... કેસૂડો
ગ્રીષ્મ ઋતુમાં .... શિરીષ (સરસડો)



આ અંકના બધા ચિત્રો 'કુમાર'ના સૌજન્યથી.

તે તે ઋતુઓનાં પુષ્પો પૂરાં ખીલ્યાં પછી સ્વયં નીચે ખરી પડે છે. બાગમાં સ્વચ્છ કપડું જમીન પર પાથરી, એમાં એ પુષ્પો વીણી લઈ શકાય છે. આ રીતે પ્રભુજીની ભક્તિ કરવાથી ભાવોલ્લાસમાં અભિવૃદ્ધિ થાય છે.

ઔષધિઓના પ્રભાવની વાત કરતાં થોડીક વધારે વાત આજે તમને કરી. તમે સ્વયં સુજ્ઞ છો. વિચારજો અને ઉચિત જણાય તેમ કરવાનું રાખજો.

—પ્રદ્યુમ્નસૂરિ

✥ બેંકમાં કે રેલવે સ્ટેશનને કે એવી કોઈ જગ્યાએ આપણા ગજવામાં બોલ-પેન જોઈ, કોઈ જરાવાર માટે આપણી પાસે માંગે ત્યારે આપીએ તો ખરાં, પણ એ વ્યક્તિ પર આપણી ચાંપતી નજર સતત રહે; પેન પાછી મળે ત્યારે હાશકારો થાય ! પૂજ્યશ્રી તો જુદી જ વાત લખે છે : '**એક સાદી બોલ-પેન કોઈકને આપતાં હોઈએ તેમ આખો વિશાળ બંગલો આપી દીધો.**' આપનારનું દિલ તો એ વિશાળ બંગલા કરતાં યે વિશાળ હશે ! હશે જ . એ મનસુખભાઈ ખરેખર મનના મસ્તરામ હશે ! . .

✥ "પાઠશાળા"ને પાંચ વર્ષ પૂરા થાય છે. પાંચ વર્ષના અભ્યાસક્રમમાં આવી ઘણી બધી શીખ આપણને મળી છે. એ બધામાં મનની ઉદારતાની વાતો વારંવાર આવી છે.
(આપ્યું હોય એટલું જ આપણું એવી એક કહેતી પણ છે.)

✥ નોંધ : અભિષેકની સ્મરણયાત્રાનું અત્યંત રસપ્રદ વર્ણન હવે પછીના અંકમાં રજૂ થશે. આ અંકમાં છેલ્લે પૂજ્યશ્રી લખે છે તેમ, પ્રભુ-ભક્તિથી ભાવોલ્લાસમાં અભિવૃદ્ધિ થાય છે, અને આ ભાવોલ્લાસની પરિણતિ પ્રભુ-કૃપા છે. અભિષેકનું સમગ્ર બયાન આ વાતની પ્રતીતિ કરાવશે. — સંપાદક.

# શાંત થજો ગુજરાત, અને હો સૌ કો'નું કલ્યાણ

**અરે રે, તુજને આ શું થયું ?**
**નયનોમાં હતું અમી પ્રેમનું, તે સુકાઈ ગયું ?**
**આ હિંસા ને આ બર્બરતા, શોભે છે શું તુજને ?**
**કે માનવતાનું દેવાળું ફૂંકી દીધું તેં ?**
**તુજ હૃદયે જે ઊછળતી મૈત્રી, ક્યમ થઈ ગઈ ઘૂરકીયું ? -૧**
**સહુ માણસ છે ભાઈ આપણા, સ્ત્રી સઘળી છે બહેન**
**આ સમજણ છે ધર્મ આપણો, જ્યાં લગે તન-મન-વેણ**
**ગુંડાઓનું ટોળું આ, તુજ સુખને લૂંટીને ગયું ? --૨**
**વેરનું મારણ પ્રેમ હંમેશાં, આગનું મારણ પાણી,**
**સત્ય સનાતન આ સમજાવે, સાધુ સંતની વાણી;**
**આ વચનામૃત આજ અચાનક શીદને ઝેર થયું ? --૩**
**શાંત થજો ગુજરાત અને હો સૌ કોમનું કલ્યાણ,**
**હિંદુ-મુસ્લિમ સહુ કોમોના ઈશ ! રક્ષજો પ્રાણ;**
**સહુ મારા, ના કોઈ પરાયું, એવું દિલમાં રમ્યું. --૪**
**--- શીલચન્દ્રવિજય**

## કાવ્ય આસ્વાદ

આ. શ્રી શીલચન્દ્રસૂરિ મહારાજ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અચ્છા વિદ્વાન તો છે જ, પણ અતિ સંવેદનશીલ કવિ પણ છે; સંગીતજ્ઞ પણ છે. તેમની ગુજરાતી રચનાઓ માણવી ગમે એવી હોય છે.

વર્તમાન સમયમાં ગુજરાતને માથે જે વીત્યું છે અને અમદાવાદમાં જે બન્યું છે તે પાષાણ હૈયાને પણ પિગળાવે તેવું હતું. તે ઘટનાથી આચાર્યશ્રીનું હૃદય વલોવાયું. કરુણા ઉભરાઈ. એ વલોણામાંથી આ કવિતા રચાઈ ગઈ. કાવ્યમાં વેદનાને વાચા મળી છે.

સાચુકલા હૈયામાંથી મિત્રસંવિત્ શૈલીમાં ઉપાલંભ અને ઉપદેશવચનો પણ સરી પડ્યા છે. આ કવિતા તા. ૧૭-૩-૨૦૦૨ ના રોજ જન્મભૂમિ-પ્રવાસીમાં પહેલે પાને છપાઈ. તેમાં શીર્ષક હતું : "ગરવી ગાંડી ગુજરાતને" પણ મને તો આ કવિતામાં સદ્ભાવથી રસાયેલી પંક્તિ મળી તેને જ શીર્ષકમાં મૂકી. હૈયાના ઊંડાણમાંથી પ્રકટેલી વાણી છે. "શાંત થજો ગુજરાત અને હો સૌ કો'નું કલ્યાણ" આમાં આપણા બધાનો સૂર ભેળવીએ.

ગીતના ઉપાડમાં જ આક્રોશ વ્યક્ત થયો છે. તને આ શું થયું ? પ્રેમના અમૃતથી છલકતાં તારા નયનના અમી સુકાઈ ગયાં ? આટલું પૂછીને પછી ઉપાલંભ શરૂ થાય છે.

તને આ બર્બરતા શોભે છે ? માનવતા ક્યાં ગઈ ? જે મૈત્રી હતી, તેને સ્થાને ઘૂરકવાનું ક્યાંથી આવ્યું ? ગુજરાતને પોતાના ધર્મનું ભાન કરાવતાં કહે છે કે જેટલા માણસ છે તે બધા આપણા ભાઈઓ છે અને જેટલી સ્ત્રીઓ છે, તે બધી આપણી બહેનો છે -આ સમજણ ક્યાં ગઈ?

આગને ઓલવવા પાણી જ જોઈએ; તેમ વેરને શમાવવા વેર નહીં, પણ પ્રેમ જોઈએ. આ સત્ય સનાતન હકીકત છે. સંતો આ સમજાવી રહ્યા છે.

છેલ્લે ગુજરાતમાં શાંતિ સ્થપાય, બધાનું કલ્યાણ થાય એ સદ્ભાવના પ્રકટ કરીને પરમેશ્વરને પ્રાર્થના કરી છે : હિંદુ-મુસલમાન સૌના પ્રાણનું રક્ષણ કરજો.

આપણા જેવા અનેક દયાપ્રેમીના હૈયાને આ કાવ્ય દ્વારા વાચા મળે છે. આપણે પણ આવા જ ભાવોને ઘૂંટીએ. સાચા દિલથી પ્રાર્થના કરીએ.

"શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી; ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રી ભાવ સનાતન"

-- આ ભાવથી હૃદયને ભીનું-ભીનું રાખીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

# सुभाषितम्

| मालिनी छन्दः | ગુજરાતી પદ્યાનુવાદ (માલિની) |
|---|---|
| पथि पथिकवधूभिः सादरं पृच्छमाना | વનમહીં ફરતાં ત્યાં ગ્રામનારી પૂછે છે |
| कुवलयदलनीलः कोऽयमार्ये तवेति | નીલકમલ સમા જે, બાઈ ! તે શું તમારે ? |
| स्मितविकसितगंडं व्रीड विभ्रांत नेत्रं | સહજ સ્મિત કરીને, મુખ નીચું નમાવી |
| मुखमवनमयन्ती स्पष्टमाचष्ट सीता ।।१।। | નયન શરમ લાવી, સ્પષ્ટ દીધો જવાબ. |

શ્રી રામચન્દ્રજી અને સીતા વન વિહાર કરી રહ્યા હતા; ત્યાં કોઈ ગ્રામ નારી સીતાજીની નજીક આવી સ્ત્રી સહજ પ્રશ્ન કરે છે: "આ શામળા વર્ણના જે ભાઈ છે તે તમારા શું થાય ?" સીતાજી એ સાંભળી શરમાઈ ગયા. મોં નીચું થઈ ગયું. બસ, આ રીતે એ બાઈના પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપ્યો. પૂછનારને ઉત્તર મળી ગયો !

આ સંસ્કૃત સુભાષિતકાર અને આ ગુજરાતી સમશ્લોકી પદ્ય રચનાર બન્ને અનામી વિદ્વાન કવિનો આભાર. આ પ્રસંગે એક સંસ્કૃત પંક્તિ પણ યાદ આવે છે :

**लज्जातीर्थे कुलयुवतयः पातकं क्षालयन्ति ।**

**સ્ત્રીનું ભૂષણ લજ્જાછે. આ લજ્જાને તીર્થ કહ્યું છે.**

**તે લજ્જાવડે કુલીન યુવતી પોતાનાં પાપ ધૂએ છે.**

— પ્રદ્યુમ્નસૂરિ

**છેલ્લા પાનાંને અનુસંધાને ...**

મનસુખભાઈ આમ તેમ ફરતા હતા ત્યાં એકાએક, જમનાભાઈ બારણા વચ્ચે ઊભા રહી ટગર-ટગર જોતા હતા એના પર એમની નજર પડી. મનસુખભાઈ પાસે જઈને નાનાભાઈને ખભે હાથ મૂકી પૂછે છે, 'જમના ! શું જુએ છે ?'

જમનાભાઈ કહે, 'ભાઈ ! બંગલો તો સુંદર બન્યો છે.'

તરત મનસુખભાઈ બોલ્યા, 'જમના ! તને આ બંગલો ગમતો હોય તો તું રાખ. હું ત્યાં જ રહીશ.' જમનાભાઈ કહે, "ના..ના..ભાઈ, આ બંગલો આપના માટે બરાબર છે.' મોટાભાઈએ ફરી કહ્યું, ' તને ગમે છે તો તું રાખ.'

એક સાદી બોલ-પેન કોઈકને આપતા હોઈએ તેમ આખો વિશાળ બંગલો આપી દીધો.

બીજે દિવસે બંગલાનું વાસ્તુ થયું. જમનાભાઈની ઘર-સામગ્રી ગીરધરનગરના બંગલે આવી. ત્યારથી આ બંગલો શેઠ જમનાભાઈનો બંગલો બની રહ્યો. આજે પણ ઊભો છે.

ભાઈ-ભાઈ વચ્ચેનો આવો પ્રેમ જોઈ આપણા મુખમાંથી પણ સહજ ઉદ્ગાર નીકળે કે, 'ભાઈ હો તો આવા હોજો.' આવા હૃદયનો નિર્મળ સ્નેહ આપણને મળે તો કેવું સારું !

— પ્રદ્યુમ્નસૂરિ

**વર્ષ ૫ : અંક ૬**

***પાઠશાળા*** (પાંચ વર્ષના રૂ. ૧૨૫.૦૦ - સ્વૈચ્છિક)

મેળવવા તથા આ અંગે વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરી શકાશે.

સંદીપભાઈ શાહ, અમદાવાદ ફોનઃ ૬૬૩૪૦૩૭

ચીમનભાઈ દોશી, મુંબઈ ફોનઃ ૫૧૧૩૦૩૭

શરદભાઈ શાહ, ભાવનગર, ફોનઃ ૪૨૬૭૯૭

# ભ્રાતૃદેવો ભવઃ ।।

"ભાઈ હો તો આવા હોજો."

વિક્રમની વીસમી સદીના રાજનગરના નરરત્નોની યાદી બનાવીએ તો શ્રી મનસુખભાઈ ભગુભાઈનું નામ લેવું જ પડે. એવું તેમનું કામ અને નામ હતું. શ્રી દેવ અને ગુરુની અથાગ ભક્તિ, ઉદારતા, બાહોશી, દીર્ઘદષ્ટિપણું, આ બધું તો હતું જ પણ તેમના દરિયાવ દિલના દર્શન કરાવતો એક પ્રસંગ આજે અહીં વર્ણવવો છે.

શ્રી મનસુખભાઈ ભગુભાઈ અને જમનાભાઈ ભગુભાઈ બે ભાઈઓ મૂળ પેથાપુરના પણ વર્ષોથી અમદાવાદ આવી વસેલા. શહેરમાં કાલુપુર ટંકશાળ પાસે ટેમલાની પોળમાં રહેતા. પુણ્ય જાગતું હતું. ભાગ્ય ઝગારા મારતું હતું. દેશ-પરદેશમાં એમના વ્યાપાર-વણજ ચાલે. વછિયાત-વેપારી રોજ રોજ સંખ્યાબંધ આવતા. બધાની ખૂબ મહેમાનગતિ થતી રહેતી. ઘર મોટું અને વિશાળ હતું, તો પણ નાનું લાગતું. શહેરની બહારના વિસ્તારમાં ખાનપુરમાં એક નવો બંગલો બનાવીને રહેવા લાગ્યા.

પણ આ બંગલો પણ સાંકડો પડવા લાગ્યો તેથી મનસુખભાઈ માટે એક વિશાળ બંગલો બનાવવાનો વિચાર કર્યો અને શાહીબાગ-ગિરધરનગર પાસે એક મોટો બંગલો બનાવવો એમ વિચાર્યું.

ભાઈઓ બે હતા પણ જીવ એક હતો.મનસુખભાઈને એક સંતાન - માણેકભાઈ. જમનાભાઈને સંતાન ન હતું. પણ માણેકબેન શેઠાણી જાજરમાન નારી-રત્ન હતાં. જાણે હરકોર શેઠાણીનું જ બીજું રૂપ જોઈ લો. જમનાભાઈ ભલા અને ભદ્રિક હતા. મનસુખભાઈ કાબેલ, વિચક્ષણ અને નેકદિલ હતા. વ્યાપાર-વણજ બધું તેઓ જ સંભાળતા; એટલે તેમને ત્યાં અવર-જવર વધારે રહે તેથી તેમને માટે મોટો બંગલો- બાગ-બગીચા, મોટર ગેરેજ, માળી - ધોબી વગરેની વસાહતવાળો બંગલો અને ત્યાં મનસુખભાઈને રહેવા જવાનું. અને જે ખાનપુરનો બંગલો હતો ત્યાં જમનાભાઈએ રહેવાનું; આમ નક્કી થયું.

વિ. સં. ૧૯૭૪ની આ વાત છે. બંગલો તૈયાર થઈ ગયો. વાસ્તુનું મુહૂર્ત પણ નક્કી થયું. સગાં-વહાલાં અને મહેમાનો બધાને નિમંત્રણ પાઠવવામાં આવ્યાં હતાં.

વાસ્તુના આગલે દિવસે બન્ને ભાઈઓ, પરિવાર, મહેતા-મુનિમને લઈને બન્ને બંગલે નજર કરવા ગયા. બધું કામ લગભગ પૂરું થયું હતું. થોડું થોડું બાકી હતું. ઠીક-ઠાક કરવાની સૂચનાઓ અપાતી હતી. બંગલાના રંગ-રોગાન, બારી-બારણાં, ભીંત-ફરસ-છત -- બધું જ મજબૂત, ટકાઉ અને સુંદર બન્યું હતું.

**અનુસંધાન પાછળના પાને ...**

| | |
|---|---|
| **પાઠશાળા નો આ અંક** | **રૂપેશ શાહ, ૬૧૧, મહાવીર એપાર્ટમેન્ટ અઠવા ગેઈટ** |
| **સૂરતના આ યુવાન** | **મિલન શાહ, ઋષભ એપાર્ટમેન્ટ ગોકુલમ ડેરી સામે આદર્શ સોસાયટી** |
| **મિત્રોના સૌજન્યથી...** | **કિરીટ શાહ, સ્મિત સાગર એપાર્ટમેન્ટ કદંબ ભવન સામે નાનપુરા** |

**પાઠશાળા**
**પુસ્તક : ૨૮**

-ÀëåÀÑ ÚëÕëáëá ÜÞçÂáëá åëè ËVË äÖí, **ßÜå åëè** (çÕëØÀ)
703, ÞÖÞ ìÞäëç, ÛËëß ÜëÃ, çßÖÑ395001 Ph.:(0261) **3240733**
email: shahrameshb@gmail.com

નટરાજ પ્રિન્ટર્સ, સૂરત. ફોન: ૭૪૨૮૮૪૧